**સમય સંદેશ**
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**
જેમ કાલનું દૂધ આજે દહીં બને છે તેમ ભૂતકાળના કર્મો આજે નસીબ બનીને પ્રગટ થાય છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૯૯ ● તારીખઃ ૧૯.૦૬.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## દેશમાં ખતરનાક ઈબોલા વાયરસનો શંકાસ્પદ કેસ મળતા ખળભળાટ

**સમય સંદેશઃ ગાંધીનગર**

વિશ્વભરમાં હાહાકાર મચાવનારા ઘાતક 'ઇબોલા વાયરસ'નો એક શંકાસ્પદ કેસ ભારતમાં સામે આવતા જ કેન્દ્ર અને રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો છે. કેરળના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જારી કરાયેલી સત્તાવાર માહિતી અનુસાર, ૧૮ જૂનના રોજ દક્ષિણ સુદાનથી પરત ફરેલી એક મહિલામાં ઇબોલા વાયરસ જેવા જ શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે. આ સ્થિતિને ગંભીરતાથી લઈને વહીવટીતંત્રે મહિલાને તાત્કાલિક ધોરણે કેરળની પ્રતિષ્ઠિત કોટ્ટાયમ મેડિકલ કોલેજના સ્પેશિયલ આઇસોલેશન વોર્ડમાં દાખલ કરી દીધી છે. દર્દીના જરૂરી સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલી દેવાયા છે અને મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ જ સંક્રમણની સત્તાવાર પુષ્ટિ થઈ શકશે.

કેરળમાં સામે આવેલા આ હાઇ-પ્રોફાઇલ શંકાસ્પદ મામલાને લઈને રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી કે. મુરલીધરને તાકીદની સમીક્ષા કરી હતી. તેમણે જનતાને અપીલ કરતા જણાવ્યું છે કે પ્રાથમિક તબીબી તપાસના આધારે હાલમાં કોઈ ગભરાટ કે ચિંતા ફેલાવવાની જરૂર નથી. જો કે, તબીબો હજુ પણ ફાઇનલ ટેસ્ટના પરિણામોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સ્વાસ્થ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ કોઈપણ પ્રકારની આળસ દાખવ્યા વિના શંકાસ્પદ દર્દીની સંપર્ક સૂચિ તૈયાર કરી લીધી છે અને તે મહિલા કોના-કોના સંપર્કમાં આવી હતી તે તમામ લોકો પર કડક મોનિટરિંગ પ્રોટોકોલ હેઠળ નજર રાખવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, આ મહિલા સુદાનથી પરત ફર્યા બાદ સખત તાવની ફરિયાદ સાથે સૌપ્રથમ એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગઈ હતી. ત્યાંના ડોક્ટરોએ જ્યારે મહિલાની ટ્રાવેલ હિસ્ટ્રી તપાસી, ત્યારે જાણવા મળ્યું કે તે આફ્રિકન દેશ સુદાનથી આવી છે. મહિલામાં તાવની સાથે ઇબોલાના અન્ય શારીરિક લક્ષણો પણ દેખાતા ખાનગી હોસ્પિટલે તુરંત જ તેને કોટ્ટાયમ મેડિકલ કોલેજમાં રેફર કરી દીધી હતી.

છેલ્લા કેટલાક મહિનાઓથી દક્ષિણ આફ્રિકાના કોંગો અને યુગાન્ડા સહિતના પૂર્વ આફ્રિકન વિસ્તારોમાં ઇબોલા વાયરસના સેંકડો કેસ સામે આવી રહ્યા છે અને ત્યાં આ વાયરસના કારણે અનેક દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આફ્રિકા ખંડમાં આ વાયરસ અત્યારે એક બહુ મોટો જીવલેણ ખતરો બનીને ઉભર્યો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પણ ઇબોલાની ગંભીરતાને જોતા તેને 'આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી' ઘોષિત કરી ચૂક્યું છે.

## મમતા બેનજીર્ને હાઈકોર્ટમાંથી આંચકોઃ ઋતબ્રત બેનર્જી જ હાલ વિપક્ષના નેતા



**સમય સંદેશઃ કૉલકાતા**

હાઇકોર્ટે બળવાખોર ઝખઈ ધારાસભ્ય ઋત્તબ્રત બેનજીર્ને વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કરવાના નિર્ણય પર હાલ માટે સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો છે. હાઇકોર્ટે આ મામલે કોઈ વચગાળાનો આદેશ આપ્યો નથી. તેનો અર્થ એ છે કે હાલ માટે ઋત્તબ્રત બેનર્જી વિરોધ પક્ષના નેતા તરીકે ચાલુ રહેશે. જોકે અદાલતે અરજી સ્વીકારી છે અને આ મામલે આગળની સુનાવણી કરશે.

TMCના ધારાસભ્ય શોભનદેવ ચટ્ટોપાધ્યાયે અદાલતમાં અરજી કરીને દાવો કર્યો હતો કે વિધાનસભાના અધ્યક્ષ રથીન્દ્ર બોસે તેમની દાવેદારી ફગાવીને ખોટી રીતે બળવાખોર ઝખઈ ધારાસભ્ય ઋત્તબ્રત બેનજીર્ને વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કર્યા છે. છતાં હાઇકોર્ટે કોઈ વચગાળાની રાહત આપી નથી. એટલે કે હાલ માટે ઋત્તબ્રત બેનર્જી પદ પર રહેશે. અંતિમ નિર્ણય બાદમાં લેવામાં આવશે. ન્યાયમૂર્તિ કૃષ્ણ રાવે વિધાનસભા અધ્યક્ષના નિર્ણય પર કોઈ વચગાળાનો આદેશ આપવાનો ઇનકાર કરતાં મામલાને આગામી સુનાવણી માટે ૨૮ જુલાઈએ સૂચિબદ્ધ કરવાનો આદેશ આપ્યો. અદાલતે પ્રતિવાદીઓને ત્રણ સપ્તાહમાં સોગંદનામું દાખલ કરવા કહ્યું છે. ન્યાયમૂર્તિ રાવે જણાવ્યું હતું કે અરજદારને બે સપ્તાહમાં તેનો જવાબ દાખલ કરવાની તક મળશે. બળવાખોર જૂથે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ઝખઈના કુલ ૮૦ ધારાસભ્યોમાંથી ૫૮નું સમર્થન હોવાનો દાવો કર્યો છે. મમતા બેનર્જી સમર્થક જૂથ સાથે જોડાયેલા ચટ્ટોપાધ્યાયે ૧૮મી પશ્ચિમ બંગાળ વિધાનસભાનું પ્રથમ સત્ર શરૂ થવાનું હોવાથી વચગાળાના આદેશની માગ કરી હતી. મમતા બેનર્જીએ ઋત્તબ્રતને પક્ષમાંથી બહારનો રસ્તો બતાવ્યો હતો, પરંતુ વિધાનસભાના અધ્યક્ષે તેમને વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કર્યા છે. ઋત્તબ્રત બેનર્જીએ કહ્યું હતું કે એક વાર સાંસદો અને ધારાસભ્યોનો મુદ્દો પૂર્ણ થઈ જશે, ત્યાર બાદ અમે નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પરિષદો અને અનેક જિલ્લાઓના અધ્યક્ષો તરફ આગળ વધીશું.

## યુક્રેનનો મોસ્કોની ઓઈલ રિફાઈનરી પર વિનાશક ડ્રોન હુમલો, ભીષણ આગ

### મોસ્કો પર યુક્રેનનો સૌથી મોટો એર સ્ટ્રાઈકઃ તેલ ડેપોમાં પ્રચંડ વિસ્ફોટ



**સમય સંદેશઃ ડેસ્ક**

રશિયા દ્વારા યુક્રેનના શહેરો પર સતત કરાતા હવાઈ હુમલાના જવાબમાં, ગુરુવારે (૧૬ જૂન ૨૦૨૬) યુક્રેનની સેના અને સુરક્ષા એજન્સીઓએ રશિયાની રાજધાની મોસ્કો પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો છે. આ સંયુક્ત ઓપરેશન દરમિયાન એક આત્મઘાતી ડ્રોન મોસ્કોની હાઇ-સિક્યોરિટી ઝોનમાં આવેલી વિશાળ ઓઇલ રિફાઇનરીના સ્ટોરેજ ટેન્ક સાથે અથડાતા શ્રેણીબદ્ધ પ્રચંડ વિસ્ફોટો થયા હતા. રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર આ હૃદયધ્રુજાવનારો વીડિયો શેર કર્યો છે, જેમાં બ્લાસ્ટને કારણે તેલની ટાંકીનું વજનદાર ઢાંકણું હવામાં સેંકડો ફૂટ ઊંચે ઉડતું અને સમગ્ર પ્લાન્ટ કાળા ધુમાડાની ચાદરમાં લપેટાતો જોઈ શકાય છે.

રશિયન સંરક્ષણ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં સ્વીકાર્યું છે કે તેમણે રાતોરાત સમગ્ર રશિયન ક્ષેત્રમાંથી ૫૦૦ થી વધુ યુક્રેની ડ્રોનને અટકાવ્યા કે તોડી પાડ્યા છે, જેમાંથી આશરે ૨૦૦ જેટલા ડ્રોન સીધા મોસ્કો તરફ આવી રહ્યા હતા. મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને જણાવ્યું કે એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય હોવા છતાં કેટલાક ડ્રોન સુરક્ષા કવચ ભેદીને રિફાઇનરી સુધી પહોંચી ગયા હતા, જેના કાટમાળથી કેટલીક રહેણાંક અને વ્યાપારી ઇમારતોને પણ નુકસાન થયું છે. આ હુમલાના કારણે સુરક્ષાના પગલે મોસ્કો એરપોર્ટ પર ફ્લાઇટ્સની અવરજવર થોડા સમય માટે સંપૂર્ણપણે રોકી દેવી પડી હતી. આ સફળ લશ્કરી ઓપરેશન બદલ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ પોતાની સુરક્ષા એજન્સીઓની પીઠ થાબડતા જણાવ્યું છે કે રશિયાની યુદ્ધ કરવાની આર્થિક અને લશ્કરી ક્ષમતા તોડવા માટે આવા વહાલી ઈંધણ મથકો પર હુમલા જરૂરી છે. મોસ્કો ઉપરાંત રશિયાના રોસ્તોવ અને અન્ય કબજા હેઠળના વિસ્તારોમાં પણ સમાંતર હુમલા કરાયા છે. ઝેલેન્સ્કીએ પુતિનને હઠ છોડીને શાંતિપૂર્ણ વાર્તાલાપના રસ્તે આવવા ચેતવણી આપી છે, જ્યારે બીજી તરફ આ હુમલા વચ્ચે જ રશિયાએ પણ યુક્રેનની રાજધાની કીવ પર રાતોરાત ભારે મિસાઈલ વર્ષા ચાલુ રાખી હતી.

## પરિમલ નથવાણી ઝારખંડથી ચોથી ટર્મ માટે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા



**સમય સંદેશઃ રાંચી**

પરિમલ નથવાણી રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા ઐતિહાસિક ચોથી ટર્મ માટે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા છે. રાજ્યની બે બેઠકો માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં હતા. જેમાં ગઉઅ અને સહયોગી પક્ષોના સમર્થનથી પરિમલ નથવાણીએ ભવ્ય વિજય મેળવ્યો છે. વર્ષ ૨૦૦૮ અને ૨૦૨૦ વચ્ચે ઝારખંડથી અપક્ષ સાંસદ તરીકે બે ટર્મની સફળ સેવા બાદ, ૨૦૨૦માં આંધ્રપ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યા પછી, આ જીત તેમની પોતાની કર્મભૂમિ માં એક મહત્વપૂર્ણ વાપસી દર્શાવે છે. તેઓ રાજ્યસભાના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા અપક્ષ સાંસદ હોવાનો ખાસ રેકોર્ડ ધરાવે છે. આ ઐતિહાસિક વિજય બદલ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ઝારખંડ ભાજપના નેતા બાબુલાલ મરાંડી તેમજ NDAના તમામ ધારાસભ્યોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## કરોડો લોકો માટે ગુડ ન્યૂઝઃ EPF પર વધારે વ્યાજ દર મંજૂર, જુનમાં ખાતામાં જમા થશે

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સરકારે ૨૦૨૫-૨૬ માટે કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) થાપણો પર ૮.૨૫ ટકા વ્યાજ દરને મંજૂરી આપી છે. વ્યાજની રકમ આ મહિને સભ્યોના ખાતામાં જમા થઈ જશે. આનાથી ૭ કરોડથી વધુ ઈપીએફઓ સબ્સ્ક્રાઇબર્સને ફાયદો થશે.

સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈપીએફ પર ૮.૨૫% વ્યાજદરને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. એક સત્તાવાર સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર આ આદેશ બાદ ચાલુ મહિનામાં જ દેશના ૭ કરોડથી વધુ સક્રિય સભ્યોના ખાતામાં વ્યાજની રકમ જમા થવાની પ્રબળ શક્યતા છે.

સામાન્ય પ્રક્રિયા હેઠળ ઈપીએફઓ દ્વારા નક્કી કરાયેલા વ્યાજદરને જ્યારે નાણાં મંત્રાલય અંતિમ મંજૂરી આપે છે, ત્યાર બાદ જ તે ગ્રાહકોના ખાતામાં ક્રેડિટ કરવામાં આવે છે. સૂત્રે જણાવ્યું હતું કે, નાણાં મંત્રાલયે ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ' દ્વારા ભલામણ કરાયેલા ૮.૨૫% વ્યાજદરના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે.

સીબીટી દ્વારા મંજૂર થયા પછી પીએફ પરનો વ્યાજ દર નાણા મંત્રાલયને મોકલવામાં આવે છે. નાણા મંત્રાલય દ્વારા મંજૂર થયા પછી શ્રમ અને રોજગાર મંત્રાલય તેને સત્તાવાર રીતે સૂચિત કરશે અને ત્યારબાદ વ્યાજની રકમ સબ્સ્ક્રાઇબર્સના ખાતામાં જમા કરવામાં આવશે.

આ અગાઉ ૨ માર્ચ ૨૦૨૬ના કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં યોજાયેલી સીબીટીની બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વ્યાજદર ૮.૨૫% રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ સતત ત્રીજું વર્ષ છે જ્યારે સરકારે વ્યાજદરમાં કોઈ ફેરફાર ન કરીને તેને સ્થિર રાખ્યો છે.

## અકસ્માત પીડિતોના વીમા ક્લેમ-ઝડપી ન્યાય માટે કરાઈ આ વ્યવસ્થા, માહિતી પંચનો મોટો નિર્ણય

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સામાન્ય રીતે વાહન અકસ્માતના કિસ્સામાં પીડિતો કે તેમના પરિવારોને વીમા કંપનીઓ પાસેથી વળતર મેળવવા માટે લાંબી કાનૂની પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય છે. અકસ્માત પીડિતોને ઝડપી ન્યાય આપવા માહિતી આયોગે મહત્વનો આદેશ કર્યો છે. અકસ્માત સંબધિત કેસમાં પોલીસે એફઆઈઆર, પંચનામું, ઋજક અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આપવો પડશે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોને નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી છે.

ઈન્શ્યોરન્સ એજન્ટ અને અકસ્માત પીડિતને ખઅઈઝ કેસની તમામ વિગતો વિનામૂલ્યે મળશે. અકસ્માત પીડિતોને વીમા ક્લેમ અને ન્યાય ઝડપથી મળે તે માટે મહત્વપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગર માહિતી આયોગ દ્વારા વાહન અકસ્માતના કેસને લઈ મહત્વપૂર્ણ આદેશ કરાયો છે. આ નવા આદેશ અનુસાર હવેથી તમામ પોલીસ સ્ટેશનોએ અકસ્માતનો ભોગ

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં કાર્યરત થયું 'એન્ટી રેડિકલાઈઝેશન સેલ': જિલ્લા પોલીસ વડાએ જાહેર કર્યો કચેરી હુકમ





**સમય સંદેશઃ જામનગર**

રાજ્યની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે જામનગર જિલ્લામાં સત્તાવાર રીતે 'એન્ટી રેડિકલાઈઝેશન સેલ'ની રચના કરીને તેને કાર્યરત કરી દેવામાં આવ્યું છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગ અને પોલીસ મહાનિર્દેશક કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઠરાવ અને માર્ગદર્શન હેઠળ આ મહત્વપૂર્ણ સેલ શરૂ કરવામાં આવ્યો છે, જે

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, અમદાવાદીઓને ગરમીમાંથી મળી રાહત



**સમય સંદેશઃ ગાંધીનગર**

અમદાવાદ જિલ્લાના ધંધુકા શહેર અને આસપાસના વિસ્તારોમાં સમી સાંજે મુશળધાર વરસાદ શરૂ થયો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લાંબા સમય બાદ સારા વરસાદથી પંથકવાસીઓમાં ખુશી જોવા મળી હતી. વરસાદથી ખેડૂતોમાં પણ આશાવાદનો માહોલ સર્જાયો હતો.

ખેડા જિલ્લામાં પણ ભારે પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. ભારે વરસાદના કારણે શેઢી નદીમાં નવા નીર આવ્યાં હતાં. ડાકોર અને વણોતીને જોડતો ડાયવર્ઝન પાણીમાં ગરકાવ થઈ જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો અને ડાકોરથી વણોતી જતો માર્ગ પણ બંધ કરવાની ફરજ પડી હતી.

બીજી બાજુ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વાતાવરણમાં

અનુ પાના નં.૨ પર


# એ.... ગઈ-ગઈ... જામનગરમાં પ્રિ-મોન્સૂન કામગીરી પહેલાં વરસાદમાં જ તણાઈ ગઈ!

## પ્રથમ વરસાદે જ પોલ ખુલી, સરકારી કચેરીઓમાં પાણી ઘૂસ્યા; અત્યારથી જ આ હાલત તો ખરું ચોમાસું બેસશે ત્યારે શું થશે?









તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ચોમાસાની શરૂઆત થતાં જ મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી પડી છે. શહેરમાં માત્ર એક ઇંચ જેટલો નજીવો વરસાદ પડ્યો હોવા છતાં, ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં તંત્રના કાગળ પરના દાવાઓ ધોવાઈ ગયા છે. સ્થાનિકોમાં હવે સવાલ ઉઠી રહ્યો છે કે જો અત્યારથી જ આ હાલત છે, તો ખરું ચોમાસું બેસશે ત્યારે શું થશે?

નજીવા વરસાદના કારણે નાગનાથ ગેટ પાસે આવેલી મહેશ્વરી વાંસાની કેનાલ ઓવરફ્લો થઈ ગઈ હતી. કેનાલ અને ગટરના ગંદા પાણી મુખ્ય રોડ પર ફરી વળતાં રાહદારીઓ અને વાહનચાલકો માટે ત્યાંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું હતું. ગંદકી અને દુર્ગંધના કારણે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આશ્ચર્યજનક રીતે, માત્ર સામાન્ય વિસ્તારો જ નહીં, પરંતુ શહેરના પોશ વિસ્તારો અને મુખ્ય સરકારી કચેરીઓ પણ પાણી ભરાવવાની સમસ્યામાંથી બાકાત રહી નથી. જિલ્લા પંચાયત કચેરીનું કમ્પાઉન્ડ, ગવર્મેન્ટ કોલોની અને સર્કિટ હાઉસ સહિતના મહત્વના સરકારી પરિસરોમાં ચોતરફ પાણી ભરાઈ ગયા હતા. જામનગર શહેરમાં પ્રવેશતા જ સરકારી કચેરીઓના વરવા દ્રશ્યો સામે આવ્યા હતા. હજી તો ચોમાસાની અસલી ઇનિંગ બાકી છે, ત્યારે આગામી દિવસોમાં જો ભારે વરસાદ પડશે તો શહેરની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. તંત્ર વહેલી તકે જાગીને યોગ્ય પગલાં ભરે તેવી લોક માંગ ઉઠી રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રંગમતી નદી પરથી જળકુંભી હટાવવાની મહત્વની કામગીરી હજુ સુધી શરૂ કરવામાં આવી નથી. જેને કારણે આગામી સમયમાં ભારે વરસાદ દરમિયાન પૂર જેવી સ્થિતિ સર્જાવાનો ભય સેવાઈ રહ્યો છે.

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

# વિશ્વને હિન્દુઓનું મહાન યોગદાન !

વિશ્વભરના ઘણા દેશોમાં, હિન્દુ સમુદાયના અસંખ્ય સભ્યો શાંતિથી રહે છે અને તેમનાં જ્ઞાન, બુદ્ધિ અને સખત મહેનત દ્વારા, તેમના રાષ્ટ્રની પ્રગતિમાં મૂલ્યવાન યોગદાન સુનિશ્ચિત કરે છે. તેઓ દવા, શિક્ષણ, ટેકનોલોજી અને રાજકારણ જેવા ક્ષેત્રોમાં પણ અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા છે. વિશ્વએ આપણી પ્રાચીન અને નવી હિન્દુ પરંપરાનું પણ સન્માન કરવું જોઈએ. છેલ્લાં ઘણાં વર્ષોથી, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપ સહિત અનેક પશ્ચિમી દેશોમાં રહેતા હિન્દુઓ વિરુદ્ધ ઝનૂની હુમલાઓ અને જીવલેણ હિંસામાં વધારો થયો છે. હિન્દુઓ સામે કાર્યસ્થળે ભેદભાવની ઘટનાઓ તો દાયકાઓથી નોંધાતી આવી છે. માહિતી ક્રાંતિના આ યુગમાં, વિવિધ પ્લેટફોર્મ પર હિન્દુ પરંપરાઓ અને માન્યતાઓ વિરુદ્ધ વ્યવસ્થિત પ્રચાર અભિયાન ફેલાવવામાં આવી રહ્યું છે. હિન્દુ ફોબિયા શબ્દનો સૌપ્રથમ ઉપયોગ સન ૧૮૬૬માં સર એડવર્ડ સુલિવાન દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે હિન્દુ ફોબિયાને હિન્દુઓ પ્રત્યે પૂર્વગ્રહ અને અપમાનજનક વલણનું એક સ્વરૂપ ગણાવ્યું હતું. પ્રખ્યાત લેખક મિસ્ટર મલ્હોત્રાએ તેમના પુસ્તક 'સ્નેક્સ ઈન ધ ગંગા'માં વૈશ્વિક સ્તરે એક ચોક્કસ વિચારધારા દ્વારા ભારતની ઉદાત્ત શાશ્વત સંસ્કૃતિ અને વારસા સામે આચરવામાં આવી રહેલા વૈચારિક કાવતરા તરફ પણ ધ્યાન દોર્યું હતું. તાજેતરના વર્ષોમાં, ઘણા પશ્ચિમી દેશોમાં હિન્દુ ધર્મના ઘણા અનુયાયીઓને નિશાન બનાવવામાં આવ્યા છે. પરિણામે, ઘણી સંસદોએ આ મુદ્દા પર ચિંતા વ્યક્ત કરી છે. ગયા વર્ષે, સ્કોટલેન્ડમાં 'હિન્દુફોબિયા' નામનો એક અહેવાલ સ્કોટિશ સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો. ગાંધીવાદી શાંતિ સમિતિ દ્વારા તૈયાર કરાયેલા આ અહેવાલમાં જણાવાયું હતું કે સન ૨૦૧૯થી સ્કોટલેન્ડમાં રહેતા હિન્દુઓ સામે હિંસા અને ભેદભાવના કેસોમાં ઝડપથી વધારો થયો છે. પરિણામે, અહીંના હિન્દુ સમુદાયના સભ્યો પરંપરાગત વસ્ત્રો પહેરવાનું અને જાહેરમાં તેમની ઓળખ જાહેર કરવાનં ટાળે છે. ઘણી યુનિવર્સિટીઓ હિન્દુ ધર્મ અને હિન્દુ સમુદાયના સભ્યોને બદનામ કરે છે. આ સંદર્ભમાં, યુકેમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીની વિદ્યાર્થીની રશ્મિ સામંતનો કરુણ અનુભવ કુખ્યાત અને મીડિયાને ચકડોળે ચડેલો છે. જે જે યુનિવર્સિટીઓ પરત્વે ભારતીય પ્રજા અહોભાવ રાખે છે તે યુનિવર્સિટીઓ ભારતીય પ્રજાને તિરસ્કારે છે. વિવાદાસ્પદ છતાં સત્યાન્વેષક પુસ્તક 'એ હિન્દુ ઈન ઓક્સફર્ડ'માં, લખવામાં આવ્યું છે કે યુનિવર્સિટીમાં હિન્દુફોબિયાએ તેમને વિદ્યાર્થી સંઘના પ્રમુખ પદ પરથી રાજીનામું આપવાની ફરજ પાડી હતી. તેઓ આ પદ સંભાળનાર પ્રથમ ભારતીય મહિલા હતાં.



# હાલારના હાલહવાલ



# સાંસદ પૂનમબેન માડમના માતૃશોકમાં ઉમટી પડ્યું જામનગરઃ શોકસભામાં રાજકીય-સામાજિક અગ્રણીઓએ આપી શ્રદ્ધાંજલિ








જામનગરના લોકપ્રિય સાંસદ પૂનમબેન માડમના પૂજ્ય માતાશ્રીનું તાજેતરમાં જ દુઃખદ અવસાન થતાં માડમ પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ માતૃશોકના પગલે ગઈકાલે જામનગર ખાતે એક ભવ્ય અને ગરિમાપૂર્ણ શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય માતૃશ્રીને શ્રદ્ધાસુમન અર્પણ કરવા અને આ આઘાતની ઘડીમાં સાંસદ પૂનમબેન માડમ તથા તેમના પરિવારને સાંત્વના આપવા માટે માનવમહેરામણ ઉમટી પડ્યો હતો. આ શોકસભામાં વિવિધ પક્ષોના રાજકીય આગેવાનો, મેયર, ધારાસભ્યો, સામાજિક સંસ્થાઓના હોદ્દેદારો, ઉદ્યોગપતિઓ અને શહેરના શ્રેષ્ઠીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. તમામ ઉપસ્થિત મહાનુભાવો અને નગરજનોએ દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી સાંસદશ્રીના આ અસહ્ય દુઃખમાં સહભાગી થઈ ગહન સંવેદના વ્યક્ત કરી હતી.

# ખંભાળીયા તાબેના મોવાણ ગામેથી વિદેશી દારૂ સાથે બે શખ્સો ઝડપાયાઃ સપ્લાયરની શોધખોળ

**સમય સંદેશઃ ખંભાળિયા**



દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના વડપણ હેઠળ એલસીબીની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એએસઆઈ ડાડુભાઈ જોગલ, કિશોરભાઈ નંદાણીયા અને ખીમાભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયાથી આશરે ૨૫ કિલોમીટર દૂર મોવાણ ગામે દરોડો પાડી, અહીં આવેલા જુના પશુ દવાખાનાના ખંઢેરમાં છુપાવીને રાખવામાં આવેલી વિદેશી દારૂની ૩૩ બોટલ કબજે કરવામાં આવી હતી.

આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૧૬,૪૬૧ ની કિંમતની વિદેશી દારૂની ૩૩ બોટલ તથા રૂપિયા ૩૦,૦૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૪૬,૪૬૧ ના મુદ્દામાલ સાથે આ જ ગામના જીગ્નેશ જીવાભાઈ દાફડા (ઉ.વ. ૨૨) અને રાજ કારાભાઈ દાફડા (ઉ.વ. ૧૯) નામના બે શખ્સોની અટકાયત કરી હતી.

દારૂનો આ જથ્થો તેઓએ જામનગરના નાઘેડી વિસ્તારમાં રહેતા રામ ગમારા નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું ખુલવા પામ્યું છે. જે અંગે ખંભાળિયા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીમાં પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એમ.આર. સવસેટા તથા એસ.વી. આંબલીયાની ટીમ સાથે રહી હતી.

# સલાયા મરીન પોલીસ દ્વારા મહોરમ બંદોબસ્તઃ ટ્રાફીક જાગૃતિ, સાયબર ક્રાઈમ, વ્યસનમુકિત મુદ્દે બેઠક યોજાઈ

**સમય સંદેશઃ સલાયા**





સલાયા મરીન પોલીસે આજે સલાયામાં મોહરમ કમિટીના સભ્યો, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, સામાજિક અગ્રણીઓ અને યુવાનો અને વહાણવટીઓ સાથે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં મોહરમ તહેવારના બંદોબસ્ત, ટ્રાફિક જાગૃતિ, વ્યસનમુક્તિ અને સાયબર ક્રાઈમ જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પીઆઈ જે.એમ. ચાવડાએ મોહરમ તહેવાર નિમિત્તે રૂટ અને બંદોબસ્ત અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જો કોઈ અસામાજિક તત્વો શાંતિ ભંગ કરતા જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો.

ટ્રાફિક જાગૃતિ અંગે પીઆઈએ ખાસ સૂચનાઓ આપી હતી. તેમણે ઓવરસ્પીડ, લાયસન્સ અને વાહનના કાગળો વગર વાહન ચલાવવા તેમજ બ્લેક ફિલ્મ લગાવવા જેવા મુદ્દાઓ પર કાયદાનું પાલન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

આ ઉપરાંત, યુવાનોને વ્યસનમુક્તિ અંગે જાણકારી આપવામાં આવી હતી. સાયબર ક્રાઈમ અટકાવવા બાબતે પોલીસ કોન્સ્ટેબલ રવિનાબેન વારોતરિયાએ વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ફોનમાં ઘઝડ આપવા, અજાણી વેબસાઈટ ખોલવી અને અજાણી એપ ડાઉનલોડ કરવા જેવી બાબતોમાં સાવચેત રહેવા જણાવ્યું હતું.આ બેઠકમાં સલાયાના ભાડેલા જમાતના પ્રમુખ ગફાર કેર,સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ સલીમ ભગાડ,સુન્ની મુસ્લિમ જમાત મોહરમ કમિટી પ્રમુખ રમીઝ ભગાડ તેમજ વેપારી મંડળ પ્રમુખ ભરત લાલ,અગ્રણી વહાણવટી અને ભાજપ લઘુમતી મોરચાના જિલ્લા પ્રમુખ તબરેજભાઇ સંઘાર વગેરે આગેવાનો જોડાયા હતા.

# જામનગરમાં આર્થિક સંકળામણથી ત્રસ્ત યુવકે ઝેર પી આપઘાત કર્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના કાલાવડ નાકા બહાર કલ્યાજીના ચોકમાં રહેતાં અને કડિયાકામ કરતા કમલેશભાઇ કાનજીભાઇ પરમાર (ઉ.વ.૩૩) નામના યુવાનનું કડિયા કામ છેલ્લા થોડા દિવસથી બરાબર ચાલતું ન હતું.

જેના પગલે યુવાન આર્થિક સંકળામણ અનુભવતો હતો. આ ચિંતામાં યુવાને ગત તા.૧૬ના બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં શહેરની જી.જી.હોસ્પિટલની સામે આવેલ જ્યોત હોટેલ પાસે ઝેરી દવા ગટગટાવી લેતાં મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃત્તક યુવાનના મોટાભાઇ ચંદ્રેશભાઇ પરમારે પોલીસને જાણ કરતાં સિટી બી ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ પી.કે.ગુઢકા સહિતનો સ્ટાફ બનવા સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં મહારાણા પ્રતાપ જન્મજયંતિની ભવ્ય ઉજવણી



**સમય સંદેશઃ ખંભાળિયા**

ભારતના સપૂત એવા મહારાણા પ્રતાપજીની જન્મ જયંતીની બુધવારે ખંભાળિયામાં આદરભેર ઉજવણી કરવામાં આવી હતી. આને અનુલક્ષીને આજરોજ અત્રે જામનગર હાઈવે પર સ્થિત શ્રી મહારાણા પ્રતાપજીની પ્રતિમા પાસે રાજપૂત સમાજના આગેવાનો તથા હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મહારાણા પ્રતાપજીની પૂજા-અર્ચના કરી હતી.

આ પ્રસંગે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ પી.એસ. જાડેજા, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા, ખંભાળિયા રાજપૂત સમાજના પ્રમુખ નટુભા જાડેજા સાથે રાજપૂત સમાજના આગેવાનો-હોદ્દેદાર ભાઈઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મહારાણા પ્રતાપ જન્મ જયંતિની શાનદાર ઉજવણી કરી હતી.

# જામજોધપુરના મોટી ગોપ ગામે જુગાર દરોડોઃ ૬ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરના મોટી ગોપ ગામે લાઈટના અજવાળે જુગાર રમી રહેલ રાજશી પાથર કારા, પાથર પ્રતિક જોષી, જેરામ પાથર, દેવાભાઈ પાથર, હસમુખભાઈ પાથરને ૩૦૬૪૦ રોકડા, દશ હજારની કિંમતના મોબાઈલ ફોન તેમજ ચાર નંગ તેમજ મોટર સાયકલ કુલ કિંમત પંચોતેર હજાર મળી કુલ મુદામાલ એક લાખ પંદર હજાર છસો ચાલીસનો મુદામાલ કબ્જે કરી પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### ત્રણ મજૂરો દબાયા

(પાના નં. ૪ થી આગળ)

(ઉ.વ.૩૬) અને મુન્નાભાઈ જીવાભાઈ ડાભી (ઉંમર વર્ષ ૩૮) નામના ત્રણ શ્રમિકો દબાયા હતા, અને ત્રણેયને રેસ્ક્યુ કરી લઈ સારવારમાં ખસેડ્યા છે. જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગ તથા સિક્યુરિટી ઇન્ચાર્જ અધિકારી અનવર ગજજણ ઉપરાંત ધમભા જાડેજા સહિતની ટિમો બનાવના સ્થળે અને ત્યારબાદ જી.જી. હોસ્પિટલ દોડી ગઈ હતી, અને ઇજાગ્રસ્તોની સારવારમાં મદદ કરાવી છે. અને મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા સમગ્ર બનાવવામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ડિમોલેશન કાર્ય દરમિયાન દુર્ઘટના સર્જાયા બાદ એકાએક વરસાદ પણ શરૂ થઈ ગયો હતો, જેના કારણે આગળની ડીમોલેશનની કાર્યવાહી અટકાવી દેવામાં આવી છે, અને સમગ્ર વિસ્તારને પણ કોર્ડન કરી દેવામાં આવ્યો છે.

### લાંચ કેસમાં દબોચાયા

(પાના નં. ૪ થી આગળ)

લેવાની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચ આપવા ઇચ્છતા ન હોવાથી તેમણે અઈઇનો સંપર્ક કર્યો હતો. જેના આધારે અઈઇ દ્વારા મંગળવારે નાગાર્જુન પેટ્રોલ પંપ સામે, મોટી ખાવડી નજીક જામનગર-ખંભાળિયા હાઇવે પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. છટકા દરમિયાન નાયબ ઇજનેર રૂષી પરમાર વતી આસિસ્ટન્ટ લાઇનમેન મનોજભાઈ ડુંગારામ પ્રજાપતિ (ઉ.વ.૪૩), ફરિયાદી પાસેથી રૂ.૮૦ હજારની લાંચની રકમ માંગીને સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. ત્યારબાદ અઈઇની ટીમે નાયબ ઇજનેર રૂષી પરમારને પણ તેમની કચેરીમાંથી ઝડપી લઈ બંને સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

### ગળેફાંસો ખાઇ લીધો

(પાના નં. ૪ થી આગળ)

યુવાનના પિતા રતનારામે પોલીસને જાણ કરી હતી. જેથી પંચકોષી બી ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ એચ.વી.રોયલા સહિતનો સ્ટાફ શહેરની જી.જી.હોસ્પિટલ ખાતે પહોંચ્યાં હતાં. હોસ્પિટલ પહોંચી પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### વડાપ્રધાનને રજૂઆત

(પાના નં. ૩ થી આગળ)

વિરુદ્ધ છે. મહાસંઘ દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ મુખ્ય ચાર માંગણીઓ મૂકવામાં આવી છે. જેમાં ૨૩ ઓગસ્ટ ૨૦૧૦ પહેલાં નિયુક્ત તમામ શિક્ષકોને TETની ફરજિયાતમાંથી કાયમી મુક્તિ આપવી, તેમની સેવા, વરિષ્ઠતા અને બઢતીના લાભોને સંપૂર્ણ રક્ષણ આપવું, તેમજ જરૂર જણાયે સંસદમાં કાયદાકીય સુધારો કે વિશેષ જોગવાઈ કરીને આ વર્ગને કાયમી રાહત આપવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરી શિક્ષકોમાં વ્યાપેલી અસમંજસતા દૂર કરવા અને રાષ્ટ્ર નિર્માતા એવા આ શિક્ષક સમાજ પ્રત્યે સંવેદનશીલ અને ન્યાયસંગત અભિગમ અપનાવવા જામનગર જિલ્લા પ્રમુખ અને મંત્રીશ્રીની સહી સાથે રજૂઆત કરાઈ છે.

### સવા લાખનો દારૂ

(પાના નં. ૩ થી આગળ)

ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, ધનશ્યામભાઇ ડેરવાળીયા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલિંહ જાડેજા, ભરતભાઇ ડાંગર, કિશોરભાઇ પરમાર, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અરજયભાઇ વીરડા, ધમેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ માલકીયા, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર દ્વારા કરાઇ હતી.

### પ્રિ-મોન્સૂન કામગીરી

(પાના નં. ૧ થી આગળ)

શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરી સામે ભલે સવાલો ઉઠ્યા હોય, પરંતુ પીવાના પાણીની સ્થિતિ અંગે રાહતના સમાચાર છે. જામનગર મહાનગરપાલિકાના અધિકારીએ સત્તાવાર બાઈટ આપતા જણાવ્યું છે કે, જામનગર શહેરમાં આગામી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલે તેટલો પર્યાપ્ત પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. અધિકારીએ વિવિધ જળાશયોમાંથી થતા દૈનિક પાણીના ઉપાડની વિગતો પણ આપી હતી. સસોઈ ડેમમાંથી દૈનિક ૨૫ MLD, ઊંડ-૧ ડેમમાંથી ૩૫ થી ૪૦ MLD, રણજીત સાગર ડેમમાંથી ૪૫ MLD અને આજી-૩ ડેમમાંથી ૪૦ MLD પાણીનો ઉપાડ થાય છે. ઘટતો જથ્થો પૂરો કરવા માટે નર્મદા પાઇપલાઇનમાંથી દૈનિક ૧૦ થી ૧૫ MLD પાણી લેવામાં આવે છે.

સમગ્ર શહેરમાં હાલ રોજનું કુલ ૧૫૫ MLD પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. જો ચોમાસું લંબાય અથવા વરસાદ ખેંચાય તો સૌની યોજના અને નર્મદા લાઇન મારફતે ડેમોમાં વધારાનું પાણી મેળવવા માટે સરકાર સાથે પત્રવ્યવહાર અને આગોતરી કાર્યવાહી પણ ચાલુ હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું. ચોમાસાના આગમન સાથે જ જામનગર જિલ્લાના ખેડૂતો પણ વાવેતરની કામગીરીમાં જોતરાઈ ગયા છે. જિલ્લામાં કુલ આશરે ૩.૫ લાખ હેક્ટર ખેતીલાયક જમીન છે.

ખરીફ સીઝનમાં મુખ્યત્વે ૨.૨૫ લાખ હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર થયું છે, જ્યારે ૮૦ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. બાકીની જમીનમાં મગ, તલ અને શાકભાજી જેવા અન્ય પાકો લેવામાં આવે છે. ચોમાસાના પ્રારંભિક તબક્કામાં જ મગફળીનું મોટાપાયે વાવેતર થતાં ખેડૂતો હવે સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

### એન્ટી રેડિકલાઈઝેશન સેલ

(પાના નં. ૧ થી આગળ)

અંતર્ગત પ્રથમ નિમણૂકોના આદેશ પણ જારી કરી દેવાયા છે. જામનગરના પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર કચેરી હુકમ મુજબ, આ નવીન સેલ માટે મંજૂર થયેલા મહેકમ અંતર્ગત તાત્કાલિક અસરથી નીચે મુજબના અધિકારી અને કર્મચારીની નિમણૂક કરવામાં આવી છે જેમાં (૧)એમ.વી. મોઢવાડિયા (પોલીસ સબ ઇન્સ્પેક્ટર - ડ્જાંઇ): જેઓ અગાઉ લીવ રીઝર્વમાં હતા, તેઓને જામનગર એન્ટી રેડિકલાઈઝેશન સેલમાં મૂકવામાં આવ્યા છે. (૨)સાયરસિંહ ઘનશ્યામસિંહ જાડેજા (અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ - બકલ નં-૭૩૪): જેઓ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ફરજ પર હતા, તેઓની પણ આ ખાસ સેલમાં નિમણૂક કરવામાં આવી છે.

પોલીસ અધિક્ષકના આદેશ અનુસાર, આ બંને અધિકારી-કર્મચારીએ પોતાની નવી જગ્યાએ ફરજ પર હાજર થઈને પો.ઈન્સ.શ્રી, એસ.ઓ.જી. (SOG) શાખાને લેખિતમાં જાણ કરવાની રહેશે. આ નિમણૂકો અંગેની નકલ સવિનય જાણ સારું ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક (DGP), પોલીસ મહાનિરીક્ષક (ગાંધીનગર) તેમજ રાજકોટી રેન્જ આઈજી (IG) સહિત ઉચ્ચ કક્ષાએ રવાના કરી દેવામાં આવી છે.

### અકસ્માત પીડિતોના

(પાના નં. ૧ થી આગળ)

બનેલા પીડિતો કે તેમના પરિવારજનોને કેસ સંબંધિત તમામ મહત્વના દસ્તાવેજો વિનામૂલ્યે પૂરા પાડવા પડશે. કામરેજ પોલીસ સ્ટેશન અંતર્ગતના એક કેસની સુનાવણી દરમિયાન આદેશ જાહેર કરાયો છે. માહિતી આયોગના આદેશ મુજબ પોલીસે હવે એફઆઈઆરની નકલ, પંચનામું આપવું પડશે. આ ઉપરાંત કેસ સાથે જોડાયેલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી રિપોર્ટ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ પોલીસે અરજદારને આપવાના રહેશે.

### મેઘરાજાની ધમાકેદાર

(પાના નં. ૧ થી આગળ)


અચાનક પલટો આવ્યો હતો. વડોદ, વસ્તડી અને ટુવા સહિતના ગામોમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગની આગાહીને અનુરૂપ જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાતા લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી હતી.

ઉપરાંત વિરામ બાદ નડીઆદ શહેરમાં પણ મેઘરાજાની ફરી એન્ટ્રી થઈ હતી. શહેરમાં ભારે પવન સાથે વરસાદ વરસતા પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો હતો. મહુધા અને મહેમદાવાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો.

# પશ્ચિમ એશિયામાં ૧૧૧ દિવસના સંઘર્ષનો અંત; અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૪-મુદ્દાના ઐતિહાસિક શાંતિ કરાર પર હસ્તાક્ષર


**સમય સંદેશઃ ડેસ્ક**


પશ્ચિમ એશિયામાં છેલ્લા ૧૧૧ દિવસથી ચાલી રહેલા ભારે તણાવ અને સંઘર્ષનો અંત લાવવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે એક ઐતિહાસિક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. G7 સમિટ માટે ફ્રાન્સની મુલાકાતે આવેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્રેન્ચ સમકક્ષ મેક્રોનની હાજરીમાં વર્સેલ્સ ખાતેથી અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને તેહરાનથી ડિજિટલી આ કરાર પ્રક્રિયા પૂર્ણ કરી હતી. 'ઇસ્લામાબાદ



મેમોરેન્ડમ ઓફ સ્ટેન્ડિંગ' શીર્ષક ધરાવતા આ ૧૪-મુદ્દાના કરાર હેઠળ યુનાઇટેડ સ્ટેટ્સ, ઈરાન અને તેમના સહયોગી દેશો લેબનોન સહિતના તમામ મોરચે તાત્કાલિક અને કાયમી ધોરણે લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા છે. આ કરારની સૌથી મહત્વપૂર્ણ જોગવાઈ મુજબ, ઈરાન આગામી ૬૦ દિવસ માટે હોર્મુઝ સ્ટ્રેટને વાણિજ્યિક અને વેપારી જહાજો માટે કોઈ પણ પ્રકારની ફી લીધા વિના સલામત માર્ગ આપવા અને ખુલ્લો રાખવા સંમત થયું છે. આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ ખૂલવાથી વિશ્વભરમાં કાચા તેલ (ક્રૂડ ઓઇલ) અને ઊર્જાના ભાવમાં મોટો ઘટાડો થવાની અને વૈશ્વિક બજારને મોટી રાહત મળવાની આશા સેવાઈ રહી છે.

# જામનગરના ગોકુલનગરમાં લુખ્ખાઓનો આંતકઃ પોલીસ મુકપ્રેક્ષક રહેતાં આશ્ચર્ય





**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર જકાત નાકા સર્કલ ખાતે ગઈકાલે રાત્રે અંદાજે ૧૧:૪૦ વાગ્યે આસપાસ આવારા તત્વોના બે જૂથો વચ્ચે જાહેર રસ્તા પર છૂટાહાથે મારામારી થતાં વિસ્તારમાં ભયનો માહોલ ઊભો થયો હતો. બીજી બાજુ જાહેરમાં થયેલી મારામારીને લઈ પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા હતા. મારામારી દરમિયાન લાકડીઓ પણ ઉડી હતી, જેના કારણે રસ્તા પરથી પસાર થતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. જકાત નાકા સર્કલ પાસે જાહેર માર્ગ પર પોલીસના કોઈ જ ડર વગર ખુલ્લેઆમ મારામારી છતાં પોલીસ અને પ્રશાસનના અસ્તિત્વ સામે લોકોમાં સવાલો ઉઠ્યા હતા. મહત્વની બાબત એ છે કે, ઘટનાસ્થળ નજીકથી જનરક્ષકની પેટ્રોલિંગ ટીમ પસાર થઈ હોવા છતાં મારામારી રોકવા માટે કોઈ કાર્યવાહી થઈ નહોતી, તેવી સ્થાનિકોમાં ચર્ચા ઉઠી હતી. સ્થાનિકોએ એવો પણ સવાલ ઉઠાવ્યો છે કે શહેરમાં સતત પેટ્રોલિંગ કરતી પોલીસ વાન આવી તત્વોને રોકવામાં નિષ્ફળ રહી કે પછી કાર્યવાહી કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી હતી? જાહેર રસ્તા પર સર્જાયેલા આ હિંસક બનાવનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થતા સ્થાનિકોમાં કાયદો-વ્યવસ્થાને લઈ ચિંતા વ્યક્ત થઈ રહી છે.

# વર્ષ ૨૦૧૦ પહેલાં નિયુક્ત શિક્ષકોના કાયદાકીય રક્ષણ માટે જામનગર પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘની વડાપ્રધાનને રજૂઆત





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ દ્વારા દેશના વડાપ્રધાન અને કેન્દ્રીય શિક્ષણ મંત્રીને એક પત્ર પાઠવીને વર્ષ ૨૦૧૦ પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોને કાયદાકીય અને નીતિગત રક્ષણ આપવા ભારપૂર્વક વિનંતી કરવામાં આવી છે. મહાસંઘના જણાવ્યા અનુસાર, ૨૩ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ NCTE દ્વારા જાહેર કરાયેલ શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) સંબંધિત અધિસૂચના અને ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતના ૨૯ મે ૨૦૨૬ના ચુકાદાને પગલે વર્ષ ૨૦૧૦ પહેલાં કાયદેસર રીતે ભરતી થયેલા લાખો શિક્ષકોમાં ભારે ચિંતા, વ્યથા અને અસુરક્ષાની લાગણી વ્યાપી ગઈ છે. આ શિક્ષકોની સેવાઓ અને ભવિષ્ય પર પ્રતિકૂળ અસર થવાની આશંકા સેવાઈ રહી છે.

મહાસંઘે પત્રમાં કાનૂની અને વહીવટી વ્યવસ્થાઓના સ્થાપિત સિદ્ધાંતોનો હવાલો આપતા જણાવ્યું છે કે, કોઈપણ નિયમ કે લાયકાતના ધોરણો સામાન્ય રીતે તેની અમલની તારીખથી જ લાગુ થવા જોઈએ. વર્ષ ૨૦૧૦ પહેલાં દેશના વિવિધ રાજ્યોમાં પ્રવર્તમાન નિયમો અને સત્તાવાર પસંદગી પ્રક્રિયા અનુસાર લાખો શિક્ષકોની નિમણૂક થઈ ચૂકી હતી, જેમણે વર્ષો સુધી રાષ્ટ્ર નિર્માણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણમાં મોટું યોગદાન આપ્યું છે. આવા શિક્ષકો પર પાછળથી નક્કી કરાયેલા પાત્રતાના ધોરણો પૂર્વલક્ષી અસરથી લાગુ કરવા તે કુદરતી ન્યાય, સમાનતા અને કાનૂની નિશ્ચિતતાના સિદ્ધાંતોની

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં આંગણવાડી બહેનોનો મોરચો; સમયસર પગાર અને નાસ્તાના બિલ ન ચૂકવાતા સામૂહિક રાજીનામાની ચીમકી!

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા હસ્તકના ICDS (ઇન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સર્વિસીસ) વિભાગમાં ફરજ બજાવતી આંગણવાડીની કાર્યકર અને તેડાગર બહેનો દ્વારા તંત્ર સામે ગંભીર આક્ષેપો સાથે મોરચો માંડવામાં આવ્યો છે. ઘટક-૨, સેક્ટર-૫ (ગોમતીપુર)ની બહેનો દ્વારા જામનગર મ્યુનિસિપલ કમિશનરને એક લેખિત રજૂઆત કરીને સામૂહિક રાજીનામાની ચીમકી ઉચ્ચારવામાં આવતા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.



તસવીરઃ હિરેન ગાંધી

બહેનો દ્વારા કરાયેલી લેખિત રજૂઆત અનુસાર, ICDS વિભાગ દ્વારા વર્કર બહેનોને સમયસર પગાર ચૂકવવામાં આવતો નથી. આ ઉપરાંત, આંગણવાડીના બાળકો માટે અપાતા નાસ્તાના બિલ પણ લાંબા સમયથી જમા કરવામાં આવ્યા નથી. બહેનોનો આક્ષેપ છે કે બિલ પાસ ન થવાને કારણે તેઓને પોતાના ખિસ્સામાંથી પૈસા રોકવાની નોબત આવી છે, જેને કારણે નાના વર્ગની આ શ્રમિક બહેનોનું આર્થિક શોષણ થઈ રહ્યું છે.

આ મામલે આંગણવાડી કાર્યકરો દ્વારા અગાઉ પણ ICDS વિભાગ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ વિભાગ તરફથી કોઈ જ સંતોષકારક જવાબ કે ઉકેલ મળ્યો ન હતો. તંત્રની આ ઉદાસીનતાથી કંટાળીને આખરે તમામ કાર્યકર બહેનો અને તેડાગર બહેનોએ ભેગા મળીને કમિશનરને પત્ર લખી 'સામૂહિક રાજીનામું' ધરી દેવાની ચીમકી આપી છે.

આ બાબતની ગંભીરતાને જોતા બહેનો દ્વારા આ પત્રની નકલો ભારતીય મજદૂર સંઘ (જામનગર), ICDS મહાનગરપાલિકા અર્બન-૧ અને ૨ ના C.D.P.O. તેમજ P.O., અને મહિલા તથા બાળ કલ્યાણ વિભાગના કમિશનરને પણ મોકલી આપીને ન્યાયની માંગ કરવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ બાબતે વહેલી તકે જાગશે કે પછી આંગણવાડીઓને તાળા લાગશે!

# જામજોધપુરમાં સગીરા પર બે સંતાનોના પિતાનું દુષ્કર્મ

## ગર્ભપાત કરાવવાનો પ્રયાસ નિષ્ફળ જતાં મામલાનો ભાંડાફોડઃ સગીરા, આરોપી અને ભૃણના ડી.એન.એ. સેમ્પલ પૃથ્થકરણમાં મોકલાયાઃ ઢગાની ધરપકડ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરના એક વિસ્તારમાં રહેતી સાડા સોળ વર્ષની સગીરા તેના પાડોશમાં રહેતા જમન કોળી નામના ૪૨ વર્ષીય વ્યક્તિના સંપર્કમાં આવી હતી. આરોપીએ સગીરાને ફોસલાવી તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં બંને અલગ-અલગ વિસ્તારમાં રહેવા લાગ્યા હોવા છતાં આરોપી સતત સગીરાના સંપર્કમાં રહ્યો હતો અને તેને બોલાવી તેની સાથે શારીરિક સંબંધ બાંધતો રહ્યો હતો.

આ દરમિયાન સગીરા ગર્ભવતી બની ગઈ હતી. ગર્ભ અંગે જાણ થતાં આરોપીએ સગીરાને દવાઓ આપીને ગર્ભપાત કરાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે અચાનક સગીરાને પેટમાં તીવ્ર દુઃખાવો ઉપડતાં પરિવારજનોએ તેને હોસ્પિટલમાં ખસેડી હતી. સારવાર દરમિયાન સમગ્ર ઘટના બહાર આવી હતી. સગીરાનો અંદાજે ચાર માસનો ગર્ભપાત થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ મામલાની જાણ પોલીસને થતાં જામજોધપુર પોલીસે સગીરાની ફરિયાદના આધારે આરોપી સામે દુષ્કર્મ અને પોક્સો સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરીને તેને કોર્ટમાં રજૂ કર્યા બાદ જેલ હવાલે કર્યો છે. તપાસના ભાગરૂપે પોલીસે સગીરા, આરોપી તેમજ ગર્ભપાત થયેલા ભ્રૂણના ડીએનએ સેમ્પલ મેળવી ફોરેન્સિક પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

# જામનગર શહેર માટે ૩૧ જુલાઈ સુધી પૂરતો પાણીનો જથ્થો ઉપલબ્ધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ચોમાસાની અનિશ્ચિત પરિસ્થિતિ વચ્ચે નાગરિકોને પાણી પુરવઠા અંગે રાહતના સમાચાર મળ્યા છે. જામનગર મહાનગર પાલિકાના વોટર વર્ક્સ વિભાગના જણાવ્યા મુજબ શહેરને આગામી ૩૧ જુલાઈ સુધી નિયમિત રીતે પાણી મળી રહે તે માટે પૂરતો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, અને પાણી વિતરણની વ્યવસ્થા સુચારૂ રીતે ચાલી રહી છે.

શહેરમાં હાલમાં દૈનિક અંદાજે ૧૫૫ એમએલડી (મિલિયન લિટર પ્રતિ દિવસ) પાણીની જરૂરિયાત રહે છે. આ જરૂરિયાતને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણ ફિલ્ટર પ્લાન્ટ કાર્યરત રાખવામાં આવ્યા છે. જેમાં ખીજડીયા બાયપાસ પાસેનો ફિલ્ટર પ્લાન્ટ, પંપ હાઉસ નજીકનો ફિલ્ટર પ્લાન્ટ તેમજ જ્ઞાન ગંગા વિસ્તારનો ફિલ્ટર પ્લાન્ટ સામેલ છે. આ ત્રણેય પ્લાન્ટમાં મળી દૈનિક આશરે ૧૫૦ થી ૧૫૫ એમએલડી પાણીનું ફિલ્ટરેશન કરવામાં આવી રહ્યું છે.

મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ શહેરના અંદાજે ૬૦ ટકા વિસ્તારમાં દૈનિક પાણી વિતરણ કરવામાં આવે છે, જ્યારે બાકીના ૪૦ ટકા વિસ્તારમાં એકાંતરે પાણી આપવામાં આવે છે. હાલની ઉપલબ્ધતા મુજબ તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો નિયમિત રીતે જાળવી રાખવામાં આવ્યો છે. જામનગર શહેરને પાણી પૂરું પાડતા વિવિધ જળસ્ત્રોતોમાંથી હાલ નિયમિત પાણી ઉપાડવામાં આવી રહ્યું છે. જેમાં રણજીતસાગર ડેમમાંથી દૈનિક ૪૦ એમએલડી, ઉંડ-૨ ડેમમાંથી ૩૫ એમએલડી, સસોઈ જળાશયમાંથી ૨૫ એમએલડી, આજી-૩ ડેમમાંથી ૪૦ એમએલડી તેમજ નર્મદા કેનાલમાંથી ૧૫ એમએલડી પાણી મેળવવામાં આવી રહ્યું છે. આ જથ્થાના આધારે શહેરમાં પાણી વિતરણની કામગીરી સુચારૂ રીતે ચાલી રહી છે. મહાનગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું છે કે હાલની સ્થિતિ મુજબ ૩૧ જુલાઈ સુધી પાણીની કોઈ અછત સર્જાય તેવી શક્યતા નથી. તેમ છતાં જો ત્યારબાદ પણ પૂરતો વરસાદ નહીં પડે તો શહેરની પાણી જરૂરિયાતને પહોંચી વળવા વૈકલ્પિક આયોજન તેમજ નર્મદા આધારિત વધારાના જળસ્ત્રોતો અંગે પણ જરૂરી તૈયારીઓ કરવામાં આવી રહી છે. જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડીયા ના માર્ગદર્શન હેઠળ વોટર વર્ક્સ વિભાગના અધિકારી નરેશ પટેલ અને તેમની ટીમ દ્વારા પાણી વિતરણ વ્યવસ્થા પર સતત નજર રાખવામાં આવી રહી છે. અધિકારીઓએ નાગરિકોને આશ્વાસન આપતાં જણાવ્યું છે. કે ચોમાસું મોડું પડ્યું હોવા છતાં હાલની સ્થિતિમાં ૩૧ જુલાઈ સુધી શહેરના પાણી પુરવઠામાં કોઈ પ્રકારનો વિક્ષેપ સર્જાય તેવી શક્યતા નથી, અને મહાનગરપાલિકા તમામ પરિસ્થિતિને પહોંચી વળવા સંપૂર્ણ રીતે તૈયાર છે.

# મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિત્તે રાજપુત સમાજ દ્વારા પદયાત્રા યોજાઈ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સનાતન ધર્મ રક્ષક એવા મહારાણાં પ્રતાપની ૪૮૬મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે રાજપુત સમાજની તમામ સંસ્થાઓની સંયુક્ત પદયાત્રા યોજાઈ હતી. જેમાં રાજપુત સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. પદયાત્રા રાજપુત સમાજ વાડી સામે આવેલી મહારાણાની પ્રતિમાને ફુલ હાર કરવા સાથે સંપન્ન થઈ હતી. આ વેળાએ રાજપુત બહેનોએ મહારાણાની પ્રતિમા તલવારબાજી રજુ કરી હતી. શહેરમાં ધનવંતરી મેદાન કેમ્પસથી જામનગર-દ્વારકા જિલ્લા રાજપુત સેવા સમાજ, અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા (શહેર-જિલ્લો), અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ, જિલ્લા રાજપુત યુવા સંઘ, ગજકેસરી ફાઉન્ડેશન,શ્રીકરણી સેના, રાષ્ટ્રીય કરણી સેના, યુનીટી ઓફ ૧૦૦ સેવા સંસ્થા, મહાકાલ સેના જેવી તમામ સંસ્થાઓના હોદ્દેદારો તથા રાજપુત સમાજના શહેર-જિલ્લાના ભાઈઓ બહેનોએ એક બગીમાં મહારાણા પ્રતામના કટ-આઉટને સાથે રાખીને પદયાત્રા આરંભ કરી હતી જે મોડી સાંજે મહારાણા પ્રતાપની પ્રતિમા પાસે સંપન્ન થઈ હતી. આ પદયાત્રામાં હાલારના રાજપુત સમાજના પ્રમુખ પી. એસ. જાડેજા અગ્રણીઓ નવલસિંહ જાડેજા (ફગાસ), પ્રવિણસિંહ જાડેજા (સેવક ધુણીયા), પુર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિતના ભાઈઓ તથા મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# જામનગરમાં ટ્રાફિક નિયમના ભંગ બદલ ૧૦ સામે કાર્યવાહી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે વિવિધ વિસ્તારોમાં કાયદા અને ટ્રાફિક નિયમોના ભંગ બદલ કુલ ૧૦ ગુના નોંધ્યા છે. જેમાં દારૂ પીધેલી હાલતમાં વાહન હંકારવું, બેફામ વાહન ચલાવવું, જાહેર માર્ગ પર વાહનો પાર્ક કરી ટ્રાફિકને અડચણરૂપ થવું તેમજ હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવાના બનાવો સામે આવ્યા છે.

પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે હાપા વિસ્તારમાં અજયભાઈ અશોકભાઈ પરેશાને દારૂના નશામાં સ્પ્લેન્ડર મોટરસાયકલ ચલાવતા ઝડપી પાડી એમ.વી. એક્ટ કલમ ૧૮૫ તથા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પંચકોશી 'બી' ડિવિઝન પોલીસે લાલપુર બાયપાસ નજીક ટ્રાફિકને અડચણરૂપ રીતે 'છોટા હાથી' વાહન પાર્ક કરવા બદલ મિલનકુમાર વેલજીભાઈ સોરઠીયા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૫ હેઠળ કાર્યવાહી કરી હતી. ઉપરાંત દરેડ પોલીસ સ્ટેશન સામે જાહેર માર્ગ પર બોલેરો પીકઅપ બેફામ અને જોખમી રીતે હંકારવા બદલ ગોવિંદભાઈ પુનાભાઈ જોગલ સામે કલમ ૨૮૧ મુજબ ગુનો નોંધાયો હતો. ધ્રોલ પોલીસે પણ જાહેર માર્ગ પર વાહનોથી ટ્રાફિકને અડચણ ઊભી કરવાના તથા બેફામ વાહન ચલાવવાના ત્રણ બનાવોમાં કાર્યવાહી કરી હતી. જેમાં ચામુંડા પ્લોટ વિસ્તારમાં શાહિદભાઈ યુનુસભાઈ કામોરા સામે, સોયલ ટોલનાકા નજીક રહીમભાઈ હાસમભાઈ શાહમદાર સામે તથા ભેંસદડ ગામે દારૂના નશામાં મોટરસાયકલ ચલાવતા ખીમાભાઈ ટીડાભાઈ બાંભવા સામે ગુનાઓ નોંધાયા હતા.

લાલપુર પોલીસે શાક માર્કેટ નજીક જાહેર માર્ગ પર મોટરસાયકલ ટ્રાફિકને અડચણરૂપ રાખવા બદલ રઘુભાઈ નરેશભાઈ ગોદડીયા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૫ મુજબ કાર્યવાહી કરી હતી. કાલાવડ ગ્રામ્ય પોલીસે પણ ત્રણ અલગ અલગ કેસોમાં કાર્યવાહી કરી હતી.

નીકાવા ગામે હાજીભાઈ ગનીભાઈ ચાકી તથા મેહુલભાઈ શિવાભાઈ વાઘેલા સામે તેમની રિક્ષાઓ જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ રાખવા બદલ ગુના નોંધાયા હતા. જ્યારે દેવાભાઈ પબાભાઈ ગમારા સામે બોલેરો પીકઅપમાં ગેરકાયદેસર લાકડાનો ધોકો રાખી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવા બદલ કાર્યવાહી કરી છે.

# જામનગરના બેડમાં એલસીબી ત્રાટકીઃ સવા લાખનો દારૂ પકડાયો પરંતુ આરોપી ફરાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એલસીબી તાલુકાના બેડ ગામમાં બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસે મોમાઈ માતાના મંદિર પાસે આવેલા હરપાલસિંહ સુરુભા સોઢાના કબ્જાના મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની ઇંગ્લિશ દારૂની ૨૩૮ બોટલો ઝડપાઈ હતી. પોલીસે કુલ રૂ. ૧,૨૪,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કરી દરોડા સમયે આરોપી



તસવીરઃ હિરેન ગાંધી

હરપાલસિંહ સુરુભા સોઢા સ્થળ પર હાજર ન હોવાથી તેને ઝડપી પાડવા પોલીસે શરૂ કરી છે.

આ કાર્યવાહી પીઆઈ વી.બી.ચૌધરીના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ,

અનુ પાના નં.૨ પર

# લાલપુરના મીઠોઇ ગામે સામાન્ય બોલાચાલી બાદ યુવક ઉપર હુમલો

**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મીઠોઈ ગામમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા પ્રવિણભાઈ કચરાભાઈ રૂડાચ (ઉ.વ. ૩૯) પોતાનું બાઇક લઈને મોડપર પાટિયા પાસે આવેલા ભાગ્યોદય પેટ્રોલ પંપે પેટ્રોલ ભરાવવા ગયા હતા. તે દરમિયાન આરોપી જુવાનસિંહ ઉર્ફે મુન્નો મહોબતસિંહ જાડેજાના સ્કૂટરનો સ્પર્શ ફરીયાદીની મોટરસાયકલ સાથે થતાં પ્રવિણભાઈએ સ્કૂટર સાવચેતીપૂર્વક ચલાવવા જણાવ્યું હતું.

આ બાબતે આરોપીએ ફરીયાદી સાથે ગાળાગાળી કરી ત્યાંથી નીકળી ગયો હતો. બાદમાં આ જ બાબતનો મનદુઃખ રાખી પ્રવિણભાઈ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે મીઠોઈ ગામમાં સરકારી શાળા નજીક અને પંચાયત કચેરી સામે જાહેર માર્ગ પર આરોપી લોખંડના પાઇપ જેવા હથિયાર સાથે ઉભો હતો.

આરોપીએ પ્રવિણભાઈ પર હુમલો કરી તેમના માથાના ભાગે લોખંડના પાઇપ વડે ઘા ઝીંક્યો હતો. હુમલાના કારણે પ્રવિણભાઈને ગંભીર ઇજા પહોંચી હતી અને માથામાં ૧૧ ટાંકા લેવા પડ્યા હતા. હુમલો કર્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં આરોપી સામે ગુનો નોંધાયો છે.

# સલાયામાં માછીમારી કરવા ગયેલા ત્રણ માછીમારો સામે જાહેરનામા ભંગ સબબ કાર્યવાહી

**સમય સંદેશઃ સલાયા**

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા બિલાલ ઇશાક સંઘાર (ઉ.વ. ૪૫) આદમ અબ્દુલા સંઘાર (ઉ. વ. ૪૧) અને અસગર જુમા સંઘાર (ઉ.વ. ૩૦) નામના ત્રણ માછીમાર યુવાનોએ હાલ ચોમાસાની ઋતુના કારણે દરિયામાં માછીમારી કરવા નહીં જવા અંગેનું જિલ્લા કલેકટરનું જાહેરનામું હોવા છતાં પણ તેઓએ પૂર્વ પરવાનગી વગર દરિયામાં માછીમારી કરવા જતા પોલીસે ઝડપી લઇ, આ ત્રણેય સામે બીએનએસ અને મત્સ્યોદ્યોગ કાયદા તળે કાર્યવાહી કરી હતી.

# જામનગરમાં વિકસિત ભારતના સંકલ્પ સાથે યોજાઇ વિશાળ યોગ શિબિર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે 'વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણ' કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત જામનગરના અજીતસિંહજી પેવેલિયન, ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન અનુભવી યોગ ટ્રેનરો દ્વારા રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી રીવાબા જાડેજા સહિતના મહાનુભાવો અને સેનાના જવાનોને વિવિધ યોગાસનો, પ્રાણાયામ તેમજ ધ્યાનની ક્રિયાઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેનરોએ યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો અંગે વિસ્તૃત માહિતી આપી સૌને નિયમિત યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો. તેમના માર્ગદર્શન હેઠળ ઉપસ્થિતોએ ઉત્સાહપૂર્વક યોગાભ્યાસ કરી સ્વસ્થ, તંદુરસ્ત અને નિરોગી જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમના અંતે સૌએ નિયમિત યોગ કરી સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ લીધો હતો.આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સ્ટેટ કોર્ડિનેટરશ્રી અનિલ ત્રિવેદી દ્વારા યોગાભ્યાસ કરાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં મેયરશ્રી મોનિકાબેન વ્યાસ, જિલ્લા કલેક્ટરશ્રી પી.બી.પંડયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, જિલ્લા પોલીસ વડાશ્રી ડો.રવિ મોહન સૈની, ડેપ્યુટી મેયરશ્રી રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ધીરેન મોનાણી, સાશક પક્ષના નેતાશ્રી અમર મોદી, પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા યોગ કોર્ડિનેટરશ્રી દર્શિતા મહેતા, અધિકારીશ્રીઓ, આર્મી, નેવી,એરફોર્સના જવાનો, પોલીસના જવાનો, વિવિધ સંસ્થાઓ, એનસીસી કેડેટ્સ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટર આંખો ખુલ્લી રાખેઃ જામનગર મરીન સેન્ચુરી પ્રદુષણ કેસમાં હાઈકોર્ટની ટકોર

## ટાટા કેમિકલ્સ દ્વારા કેમિકલ વેસ્ટનો નિકાલ બંધ અને વૈકલ્પિક વ્યવસ્થા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની મરીન સેન્ચ્યુરીમાં પ્રદૂષણ ફેલાવવાના મામલે ગુજરાત હાઇકોર્ટે વહીવટીતંત્ર અને ઉદ્યોગો સામે લાલ આંખ કરી છે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રે ની ખંડપીઠે સ્પષ્ટ કર્યું છે કે માત્ર આર્થિક વળતર પૂરતું નથી, પરંતુ અસરગ્રસ્ત વિસ્તારની સ્થાનિક ઇકોલોજીનું સંપૂર્ણ પુનઃસ્થાપન કરવું અનિવાર્ય છે. આ ભગીરથ કાર્યમાં પર્યાવરણીય નુકસાનનું યોગ્ય વળતર નક્કી કરવા અને સ્થાનિક પર્યાવરણને બેઠું કરવા માટે દેશની પ્રતિષ્ઠિત સંસ્થા 'નીરી' (NEERI, નાગપુર) ની મદદ લેવા રાજ્ય સરકારને નિર્દેશ અપાયો છે.

અગાઉ મરીન સેન્ચ્યુરીમાં ટાટા કેમિકલ્સ મીઠાપુર દ્વારા ખુલ્લી ચેનલો મારફતે છોડાતો જોખમી કેમિકલ કચરો હવે સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે, જેની ખાતરી જીપીસીબી (GPCB) એ હાઇકોર્ટમાં સોગંદનામું રજૂ કરીને આપી છે. હાલની વૈકલ્પિક વ્યવસ્થા મુજબ, કંપની દ્વારા માત્ર ટ્રીટેડ કચરાનો જ નિકાલ કરાય છે. આ કચરો જરૂરી મંજૂરી મેળવ્યા બાદ મરીન સેન્ચ્યુરીથી દૂર, કચ્છના અખાતમાં ઊંડા દરિયામાં (ડીપ ડિસ્ચાર્જ) છોડવામાં આવી રહ્યો છે.

ભવિષ્યમાં આવી બેદરકારી ન દોહરાય તે માટે હાઇકોર્ટે જામનગર જિલ્લા કલેક્ટરને કડક શબ્દોમાં પોતાની આંખો ખુલ્લી રાખવા અને સજાગ રહેવા નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત, સમગ્ર મરીન સેન્ચ્યુરી વિસ્તારની સતત દેખરેખ માટે એક સંયુક્ત ટીમ બનાવવાનો આદેશ કરાયો છે. આ ટીમમાં જીપીસીબી, વન વિભાગ, સ્થાનિક કલેક્ટર અને ટાટા કંપનીના કર્મચારીઓ સામેલ રહેશે, જેઓ નિયમિત ઇન્સ્પેક્શન કરીને દરિયાઈ વિસ્તારની સુરક્ષા સુનિશ્ચિત કરશે.

# જામનગર મહાનગરપાલિકામાં બોમ્બની ધમકીના મામલે અજાણ્યા શખ્સ સામે નોંધાયો ગુન્હો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જામનગર મહાનગરપાલિકાના સત્તાવાર ઇ-મેઇલ સરનામાં પર તા. ૧૭ જૂનના રોજ સવારે ૯:૧૯ કલાકે એક ધમકીભર્યો ઇ-મેઇલ પ્રાપ્ત થયો હતો. આ ઇ-મેઇલ ફહિયક્ષય તળશવિં નામનો ઉપયોગ કરી dcsamosgmail.com ઇ-મેઇલ આઇ.ડી. પરથી મોકલવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

ઇ-મેઇલમાં મહાનગરપાલિકા કચેરી, મેયર ઓફિસ તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને નિશાન બનાવી બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકીઓ આપવામાં આવી હતી. સાથે જ ખાલિસ્તાનના નામે ઉશ્કેરણીજનક અને ભય ફેલાવનારા સંદેશાઓ લખવામાં આવ્યા હતા. ઇ-મેઇલમાં વિવિધ સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ થવાની વાતો લખી લોકોમાં ભય અને ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આ અંગે જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરાએ જામનગર મહાનગર પાલિકાના સિક્યુરિટી અધિકારી અનવર ગજજણની રજૂઆતના આધારે ફરિયાદ નોંધી છે. પ્રાથમિક તપાસમાં અજાણ્યા શખ્સે ખોટી ઓળખ ઉભી કરી અને ઇ-મેઇલનો દુરુપયોગ કરીને પૂર્વ આયોજિત રીતે ધમકીભર્યો સંદેશ મોકલ્યો હોવાનું સામે આવ્યું છે.

સાયબર ક્રાઇમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૫૧(૩), ૩૫૧(૪), ૩૫૩(૧) (બી), ૬૧(૨)(એ) તેમજ માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમની કલમ ૬૬(સી) હેઠળ ગુનો નોંધ્યો છે. ઇ-મેઇલ મોકલનારની ઓળખ મેળવવા ટેકનિકલ તપાસ શરૂ કરવામાં આવી છે અને તપાસમાં ખુલતા અન્ય શખ્સોને પણ આરોપી તરીકે સામેલ કરવામાં આવશે.

# જામનગરમાં કસ્ટમ હાઉસની જર્જરીત ઇમારત તોડતી વખતે ત્રણ મજૂરો દબાયા

## બિલ્ડીંગની પાડતોડ દરમ્યાન છત તુટી પડતા બની ઘટનાઃ ફાયર તેમજ એસ્ટેટ શાખાની ટીમે ત્રણેયને રેસ્ક્યુ કરી સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડ્યા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના ગ્રેઇન માર્કેટ વિસ્તારમાં આવેલા કસ્ટમ હાઉસ વાળા વર્ષો જૂના અને જર્જરિત મકાનને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ડિમોલિશન કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક મકાનની છતનો એક ભાગ ધસી પડતાં ત્યાં કામ કરી રહેલો શ્રમિક કાટમાળ નીચે દબાઈ જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

બનાવની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગ તેમજ ૧૦૮ ઇમરજન્સી સેવાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનો દ્વારા ભારે જહેમત બાદ કાટમાળ હટાવી દબાયેલા શ્રમિકને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતાં. ઘટનાસ્થળે હાજર લોકોએ પણ બચાવ કામગીરીમાં સહયોગ આપ્યો હતો. ઇજાગ્રસ્ત શ્રમિકોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે તાત્કાલિક જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. હોસ્પિટલમાં તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં લોકોના ટોળેટોળા એકત્રિત થઈ ગયા હતા. સદનસીબે સમયસર હાથ ધરાયેલી બચાવ કામગીરીના કારણે વધુ ગંભીર જાનહાનિ ટળી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. જામનગર મહાનગરપાલિકા દ્વારા કસ્ટમ હાઉસ વાળું જૂનું બિલ્ડીંગ તોડવા માટે એક ખાનગી કંપનીને કોન્ટ્રાક અપાયો છે, અને તેના ૧૦ માણસો દ્વારા પાડતોડ ની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, દરમિયાન સવારે ૧૦.૩૦ વાગ્યાના અરસામાં ઉપરની છતનો હિસ્સા પૂરતા દુર્ઘટના સર્જાઇ હતી, અને સુનિલ દિનેશભાઇ પરમાર (ઉંમર વર્ષ ૨૬) પ્રકાશ જીવાભાઈ ડાભી

અનુ પાના નં.૨ પર

# ૧૮ દિવસથી ભેદી સંજોગોમાં ગુમ સચાણાની ૧૭ વર્ષની યુવતીનું અપહરણ થયાનો નોંધાયો ગુન્હો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના સચાણામાં પરિવાર સાથે રહેતી સગીરા તા. ૩૧ મે ના રોજ એકાએક લાપતા બની હતી. પરિવારજનો દ્વારા આજુબાજુમાં રહેતા લોકો અને મોરબી સહિતના પંથકમાં વસતા સબંધીઓને પણ ટેલિફોનિક જાણ કરવા છતાં પણ સગીરાનો ક્યાંય પત્તો ન લાગતાં અને મામલો પોલીસ મથકે લઇ જવાયો છે.

સગીરાનું કોઈ અજાણ્યો આરોપી અપહરણ કરી લઇ ગયો હોવાના આરોપ સાથે પરિવારજનોએ પોલીસમાં જાણ કરાતા હાલ સ્થાનીક પોલીસ તપાસમાં જોતરાઈ છે. પોલીસ દ્વારા સગીરાના મોબાઇલ ફોનનું લોકેશન મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ મોબાઇલ સતત સ્વિચ ઓફ આવતાં લોકેશન જાણવુ મુશ્કેલ બન્યું છે. બીજી બાજુ તપાસના ભાગરૂપે પોલીસે લાપતા બની તે સ્થળ, ગામ તેમજ આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી હતી. પરંતુ હજુ સુધી કોઈ મહત્વની કડી હાથ લાગી નથી. વધુમાં જ્યાં સગીરાની સગાઈ થઈ હતી.

તે યુવાનની પણ પૂછપરછ કરવામાં આવી છે, તેમજ ગામના શકમંદ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર માહિતી મળી નથી. હાલ સમગ્ર મામલે બાતમીદારો અને ટેકનિકલ સોર્સને કામે લગાડી પોલીસ વિવિધ દિશામાં તપાસ ચલાવી રહી છે અને સગીરાની શોધખોળ માટે પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. આ પ્રકરણની આગળની તપાસ પંચકોષીએ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એમ. એન. શેખ ચલાવી રહ્યા છે.

# જામનગર PGVCLના ડે.ઈજનેર અને હેલ્પર લાંચ કેસમાં દબોચાયા

## નવા ટ્રાન્સફોર્મર (ટી.સી.) અને મીટર ફિટ કરી વીજ કનેકશન આપવા બદલ રૂ.૧ લાખની લાંચ માંગી! રકજકના અંતે ૮૦ હજારમાં નકકી થતા અઈઈ ત્રાટકી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

કલ્યાણપુર તાલુકાના હરીપર ગામના સરપંચ પતિ અને તેના ભાઈને લાંચ કેસમાં દબોચી લીધાના ૯ દિવસ બાદ જામનગર એસીબીને વધુ એક સફળતા મળી છે. ટીમે જામનગર નજીક શાપર ડ્રસ્ટ્ઈક્ના ડે. ઇજનેર વતી ૮૦ હજારની લાંચ લેતા હેલ્પરને પકડી પાડ્યો હતો.

જાગૃત નાગરિકે ગેસ્ટ હાઉસ માટે વીજ લોડ વધારવા અને નવું વીજ કનેક્શન મેળવવા અરજી કર્યા બાદ કાર્યવાહી ન થતાં નવા ટ્રાન્સફોર્મર (ટી.સી.) અને મીટર ફિટ કરી વીજ કનેક્શન આપી આપવા બદલ નાયબ ઇજનેર દ્વારા શરૂઆતમાં રૂ.૧ લાખની લાંચ માંગી બાદમાં રકજકના અંતે રૂ.૮૦ હજારની માંગણી કરાયા બાદ એસીબી એ બંનેને પકડી પાડ્યા હતા. જેને લઈને સરકારી અધિકારી આલમમાં ચર્ચા વ્યાપી હતી.

મળતી માહિતી મુજબ ગ્રામ્ય પંથકમાં વીજ તંત્રમાં ચાલતો ભ્રષ્ટાચાર ખુલીને બહાર આવ્યો હતો. એક જાગૃત નાગરિકે પોતાના ગેસ્ટ હાઉસ માટે વીજ લોડ વધારવા અને નવું વીજ કનેક્શન મેળવવા સાપર સબ ડિવિઝન પીજીવીસીએલ કચેરીમાં અરજી કરી હતી. જોકે લાંબા સમયથી અરજી પર કાર્યવાહી કરવામાં આવતી ન હતી. નવા ટ્રાન્સફોર્મર (ટી.સી.) અને મીટર ફિટ કરી વીજ કનેક્શન આપી આપવા બદલ નાયબ ઇજનેર રૂષી દિનેશચંદ્ર પરમાર (ઉ.વ.૪૨) દ્વારા શરૂઆતમાં રૂ.૧ લાખની લાંચ માંગવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. બાદમાં રકજકના અંતે રૂ.૮૦ હજાર

અનુ પાના નં.૨ પર

# પરપ્રાંતિય યુવાને બિમારીથી કંટાળી ગળેફાંસો ખાઇ લીધો

**સમય સંદેશઃ જામનગર**

મૂળ રાજસ્થાન રાજયના બાડમેર જિલ્લાના ધનાઉ તાલુકાના રામનગર ગામના વતની અને હાલ જામનગર નજીકના દરેડ ગામે મસીતિયા રોડ પર રહેતા શ્રીરામ રતનારામ સીયાગ (ઉ.વ.૨૧) નામના યુવાન છેલ્લા પાંચેક મહિનાથી માનસિક બિમારીથી પીડાતો હતો.

આ બિમારીની દવા પણ ચાલુ હતી. દરમિયાન બે દિવસ અગાઉ યુવાને પોતાની આ માનસિક બિમારીથી કંટાળી પોતાના ઘરે પંખામાં પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરવાનો પ્રયાસ કરી લીધો હતો. જેથી તેને સારવાર માટે તાત્કાલિકની જામનગરની જી.જી.હોસ્પિટલ લઇ જવામાં આવ્યો છે. જ્યાં ફરજ પરના ડોક્ટરે યુવાનને તપાસી તેનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. યુવાનના મોતને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ બનાવ અંગે મૃત્તક

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયા નજીક બે મોટરકાર વચ્ચે ટક્કર

ખંભાળિયા દ્વારકા હાઈવે પર અત્રેથી આશરે ૯ કિલોમીટર દૂર કુવાડીયા ગામના પાટીયા પાસેથી જી.જે. ૩૬ વી. ૬૦૨૨ નંબરની બોલેરો કેમ્પર વાહનમાં બેસીને જઈ રહેલા મહેશભાઈ ચંદુભાઈ મુંઝારીયા (રહે. નાની વાવડી, તા. મોરબી)ની મોટરકાર સાથે આ માર્ગ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા જી.જે. ૨૭ ઈ.ઈ. ૨૫૦૯ નંબરની એક વેન્યુ મોટરકારના ચાલકે અકસ્માત સર્જી, મહેશભાઈને ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાઈ છે.

# દ્વારકામાં ક્રિકેટ મેચ ઉપર સટ્ટો ખેલતો શખ્સ ઝડપાયો

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકામાં શાકમાર્કેટ ચોક વિસ્તારમાં રહેતા મીત ભુપેન્દ્રભાઈ લાખાણી નામના ૨૭ વર્ષના શખ્સને સ્થાનિક પોલીસે ટીવી સ્ટેશન વિસ્તારમાંથી ક્રિકેટ મેચને પોતાના મોબાઈલ ફોનમાં લાઈવ નિહાળી અને ઓનલાઈન સટ્ટો રમતા ઝડપી લીધો હતો. જેમાં પોલીસે રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૩૫,૬૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં દ્વારકાના ભરત ચંદારાણા નામના શખ્સનું પણ નામ ખુલતા પોલીસે તેને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# લાલપુર તાલુકાના જોગવડ ગામે રહેણાંક મકાનમાંથી ગાંજા સાથે મહિલા ઝડપાઇ

**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામની સીમમાં રામદુતનગર વિસ્તારમાં રવિવારી ગુજરી બજાર ગ્રાઉન્ડ પાછળ આવેલી એક ભાડાની ઓરડીમાં ગાંજાનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે મેઘપર (પડાણા) પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.



દરોડા દરમિયાન ત્યાં રહેતી સુનીતા વિધ્યાચલ યાદવ (ઉ.વ.૪૩), મૂળ ઉત્તર પ્રદેશના આજમગઢ જિલ્લાના ગોવિંદપુર ગામની રહેવાસી અને હાલ જોગવડ ગામે ભાડાની ઓરડીમાં રહેતી મહિલાના કબજામાંથી ૩૨ હજારની કિંમતનો ૬૪૮ ગ્રામમાદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે ગાંજાનો જથ્થો તથા એક મોબાઇલ ફોન મળી કુલ રૂ.૩૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જે સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે, જ્યારે ફરારી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com